શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ–૧૧ અંક–૫
મે – ૨૦૧૯
છૂટક અંક રૂા. ૫/–
પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–

SGVP ગુરુકુલ સવાનાહ ખાતે બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ

મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શ્રીઘનશ્યામ મહારાજ તથા શ્રીલક્ષ્મીનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ વગેરે દેવોને ધરાવેલ અન્નકૂટનાં દર્શન

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અમેરિકાના વિવિધ રાજ્યોમાંથી ઉપસ્થિત ગુરુકુલ પરિવારના ભક્તજનો

મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજિત મહિલામંચ પ્રસંગે ઉપસ્થિત મહિલા ભક્તજનો

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી
: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૧, મે : ૨૦૧૯, અંક : ૫

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હાર્દિક પંચોલી (GP Creation — Graphic Designer / Video Editor)

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

‘ગુરુકુલ દર્શન’ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

‘ગુરુકુલ દર્શન’ દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફીસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

મુનિ તણા શણગાર

મુનિ તણા શણગાર,
હરિ મારે તમ સંગ લાગ્યો પ્યાર;
તમ સંગ લાગ્યો પ્યાર,
સમરથ મુક્તિના દાતાર. મુનિ તણા૦ ૧

શિર પર પાઘ સુમનનો તોરો,
શોભે છે ઉદાર;
ફૂલનો સુંદર જામો પહેર્યો,
તેની ફોર અપાર. મુનિ તણા૦ ૨

ફૂલના કાજુ બાજુ ગજરા,
પ્યારા ઉર પર હાર;
ફૂલની સૂંથણાલી નેપુર પદમાં,
ધાર્યા કરીને પ્યાર. મુનિ તણા૦ ૩

અંગોઅંગમાં રાજે હરિને,
કુસુમ તણા શણગાર;
બાગ કુસુમનો ફૂલ્યો જાણી,
ભ્રમર કરે ગુંજાર. મુનિ તણા૦ ૪

ફૂલ કલંગી ફૂલનાં કાને,
કુંડળ મકરાકાર;
કૃષ્ણાનંદ કહે ફૂલદડો,
ઉછાળે વારંવાર. મુનિ તણા૦ ૫

SGVP GURUKUL USA

SHREE SWAMINARAYAN SANATAN TEMPLE SAVANNAH

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર, સવાનાહ-અમેરિકા

ભારતીય અધ્યાત્મ પરંપરા યુગોથી વણથંભી ભાગીરથીની માફક આજ પર્યંત વહેતી રહી છે અને અનેક જીવોને પોતાની વિશાળતામાં સમાવતી આવી છે. અનેક અવતારો, આચાર્યો, મહાપુરુષોએ આ પરંપરાનું પોષણ કર્યું છે અને વિવિધતાની રંગોળીઓ પૂરી છે. આ અધ્યાત્મ પરંપરાને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના પરમહંસોએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સભર એકાંતિક ધર્મની વિભાવનાથી જગતમાં ઝળહળતી કરી છે. ગુરુકુલ સંસ્કૃતિના પુનરોદ્ધારક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલનાં માધ્યમથી આ અધ્યાત્મ પરંપરાને શિક્ષણ સાથે જોડી સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રાણીમાત્રનાં કલ્યાણ અર્થે આપેલી શિક્ષાપત્રીના આદેશોમાંથી,

'प्रवर्तनीया सद्विद्या भूवि यत्सुकृतं महत् ।'

'પૃથ્વી ઉપર સદ્વિદ્યાનો પ્રચાર કરવો.'

'भाव्यं दीनेषु वत्सलैः ।'

'દીનજન ઉપર દયાવાન થવું.'

અને 'सर्वजीवहितावहः ।'

'આ શિક્ષાપત્રીના આદેશો સર્વ જીવોનું હિત કરનારા છે.'

આવા કેટલાંક આદેશોને આકાશમાંથી ઊતરતી ગંગાને ભગવાન શંકર ઝીલે, એમ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ઝીલ્યા અને એમાંથી વિશ્વનું મંગલ કરનારી ગંગા સમી ગુરુકુલ સંસ્કૃતિનું ધરતી ઉપર પુનરાગમન થયું; જેનાથી શૈક્ષણિક સંસ્થા દ્વારા જગતની કાયાપલટ કરવાનો નવો રાહ ચીંધાયો.

ગુરુદેવે ગુરુકુલને 'સદ્વિદ્યા'ના પ્રસાર-પ્રચારનું માધ્યમ બનાવી આધુનિક સમયને અનુસરી મૂળ વૈદિક-સનાતન પરંપરાનું પોષણ કર્યું. સદ્વિદ્યાના પ્રવર્તનથી જ માનવજાતનો સર્વાંગી વિકાસ થઈ શકે છે. સદ્વિદ્યા જ સાચા સુખની ગુરુચાવી છે. સદ્વિદ્યા એટલે સંસ્કાર સાથેનું શિક્ષણ, સદ્વિદ્યા એટલે ભૌતિક વિજ્ઞાન સાથે આધ્યાત્મ વિજ્ઞાનનો સંગમ. સદ્વિદ્યા એટલે સારાસારનો વિવેક.

સદ્વિદ્યાનાં માધ્યમથી અન્નદાન, વિદ્યાદાન અને અભયદાનનું સદાવ્રત માંડનારા અને સૌરાષ્ટ્રની ધીંગી ધરાના સંત શાસ્ત્રીજી મહારાજનાં ગુરુકુલ રૂપી કાર્યની સુવાસ જોતજોતામાં દેશ-વિદેશમાં ફેલાઈ રહી. ગુરુકુલમાં અભ્યાસ કરી તૈયાર થયેલા વિદ્યાર્થીઓ જ્યાં જ્યાં જતા, ત્યાં દેશ-વિદેશમાં સદાચારની સુવાસ ફેલાવતા થયા. ગુરુકુલ અને ગુરુદેવની શાખ દિન-પ્રતિદિન વધતી રહી.

દેશ અને સત્સંગના જોગથી દૂર - વિદેશમાં વસતા વિદ્યાર્થીઓ તથા ભક્તજનોને સહેજે સંતસમાગમ કરવાની મહેચ્છા જાગે એ સ્વાભાવિક છે. ભક્તોને સત્સંગની ભૂખને ભાંગનાર કોઈ સંતની જરૂર હતી. ત્યારે સૌની નજર ગુરુદેવ ઉપર પડી. ભક્તજનોએ ગુરુદેવને સૌ પ્રથમવાર આફ્રિકા તેડાવવાનું નક્કી કર્યું.

ઈ.સં ૧૯૬૯, ૧૮ ડીસેમ્બરના રોજ સ્વામી નાઈરોબી પધાર્યા. દારેસલામ, મોમ્બાસા, કંપાલા વગેરે શહેરોમાં ચાર મહિના ફર્યા અને ભક્તોને સત્સંગનું ખૂબ જ સુખ આપ્યું.

અત્તર, અગરબત્તી અને પુષ્પ જ્યાં જાય ત્યાં પોતાની સુગંધ છોડે, એ જ રીતે ગુણાતીતસંતની આ પહેલી જ વિદેશયાત્રામાં ગુરુદેવની સાધુતાની સુગંધ સર્વત્ર ફેલાઈ રહી. આ યાત્રાથી વિદેશમાં સત્સંગનો ખૂબ સારો પ્રચાર થયો, ભક્તજનોના અંતરાત્મા ખૂબ રાજી થયા.

ત્યાર બાદ ઈ.સ. ૧૯૭૮માં અમેરિકા અને યુરોપમાં વસતા ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હરિભક્તોએ પૂજ્ય સ્વામીને સત્સંગયાત્રા માટે યુરોપ-અમેરિકા તેડાવ્યા.

પછી તો પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આરંભેલી આ સત્સંગ યાત્રા વણથંભી ચાલી. પ્રત્યેક વિદેશયાત્રામાં પૂજ્ય ગુરુદેવની સાથે જોડાયેલા પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી

માધવપ્રિયદાસજી સ્વામી અવાર-નવાર યુ.કે., અમેરિકા, આફ્રિકા વગેરે દેશોમાં સત્સંગયાત્રાએ પધારતા રહ્યા. એમના યોગમાં હજારો ભક્તજનો આવતા રહ્યા અને સત્સંગના રંગે રંગાતા રહ્યા.

ગુરુદેવના અક્ષરવાસ પછી પણ આ પરંપરાનું પૂજ્ય સ્વામીજી દ્વારા વહન થઈ રહ્યું છે. વિદેશની ધરતી ઉપર ગુરુદેવે તૈયાર કરેલા સત્સંગરૂપી બગીચાનું પૂજ્ય સ્વામીજી દ્વારા ખૂબ સારી રીતે જતન-પોષણ થતું રહ્યું છે.

સમય જતા પૂજ્ય સ્વામીજીએ વર્ષો સુધી સત્સંગનાં કરેલા ખેડાણને કોઈ સાકાર સ્વરૂપ આપવાની વિનંતીના સૂર વારંવાર આવવા લાગ્યા.

કેટલાયે ભક્તનોની ભાવના હતી કે અમેરિકાની ધરતી ઉપર ગુરુકુલનું કોઈ સ્થાન નિર્માણ પામે. કેટલાયે વિઘ્નો અને આવરણોને દૂર કરતા કરતા આખરે સ્વામીજીએ ભક્તજનોની વિનંતી સ્વીકારી અને 'ધર્મજીવન મિશન ટ્રસ્ટ'ની સ્થાપના થઈ અને કોઈ ઉત્તમ સ્થાનની શોધ ચાલવા લાગી.

પૂજ્ય સ્વામીજીનો એક સંકલ્પ હતો કે, એવી જગ્યા પસંદ કરવામાં આવે કે જ્યાં ખરેખર ભારતીય પંરપરાના પોષણની જરૂર હોય અને એ સ્થાન અન્ય કોઈ ધર્મસ્થાનને અડચણ ન પહોંચે એવું હોય. આખરે શોધખોળનું પરિણામ આવ્યું. જ્યોર્જિયા રાજ્યના સવાનાહ શહેરમાં ૫૦ એકરમાં પથરાયેલા ચર્ચને પસંદ કરવામાં આવ્યું. જુલાઈ ૨૦૧૬ માં સંપાદન કાર્ય પૂર્ણ થયું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સદ્‌વિદ્યાનાં કાર્યનું પોષણ કરી રહેલા ગુરુદેવની દૃષ્ટિ વિશાળ હતી. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ હતા, તેથી જ તેઓ પૂર્ણ રીતે ભારતીય સંસ્કૃતિને વરેલા સંત હતા. એમનાં હૃદયમાં મારા-તારાનો કોઈ ભેદ નહોતો. વિવિધ ધર્મો, સંપ્રદાયો કે પંથો પ્રત્યે એમને ભારે આદર હતો. ગુરુદેવની આ દૃષ્ટિને વિઝન બનાવી દુનિયાભરમાં વિચરણ કરતા પૂજ્ય સ્વામીજીના હૃદયમાં અતઃસ્ફૂરણા થઈ કે અહીં સનાતન પરંપરાનું પોષણ થાય તેવું મંદિર બનાવવું છે. આખરે એ સંકલ્પ સિદ્ધ થયો. પૂજ્ય સ્વામીજીએ સવાનાહમાં 'શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર' નીર્માણની ઘોષણા કરી અને તારીખ ૧૭થી ૨૧ એપ્રિલ ૨૦૧૯ દરમિયાન મંદિરમાં વિવિધ પરંપરાઓના સંગમ સ્વરૂપ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

પ્રારંભમાં કેવળ ચાર પરિવારના સમર્પણથી આરંભાયેલા આ મંદિર સાથે આજે વિવિધ સનાતનીય પરંપરાઓમાં શ્રદ્ધા ધરાવતા સેંકડો પરિવારો તન-મન-ધનથી સમર્પિત થઈ સેવાઓ કરી રહ્યા છે અને મંદિર દ્વારા સનાતનીય પરંપરાનું જતન-પોષણ થતું રહે એવા પર્યત્નો સંતોનાં માધ્યમથી થતા રહેશે.

Murti Pratishthd MAHOTSAV

17th to 21st April 2019

અનાદિ કાળથી સનાતન વૈદિક સંસ્કૃતિ દુનિયાની અનેક સંસ્કૃતિનું પોષણ કરતી આવી છે અને આજે પણ અનેક લોકોને આકર્ષી રહી છે. એમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે 'સર્વજીવહિતાવહ' અને 'સદ્‌વિદ્યા પ્રવર્તન'નાં સંદેશ રૂપી કડી જોડીને વૈદિક પરંપરાને વૈશ્વિક કક્ષાએ ગુંજતી કરી દીધી છે.

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ શ્રીહરિના એ સંદેશાઓને ઝીલી ગુરુકુલના માધ્યમથી સનાતનીય પરંપરાને ગામ-શહેર-દેશ-વિદેશમાં જનજન સુધી પહોચાડી છે.

આ જ ગુરુકુલની સનાતન પરંપરાનું પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી આજે સુપેરે વહન-સંવર્ધન કરી રહ્યા છે. જેના ભાગરૂપે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદની શાખા સ્વરૂપે અમેરિકાના જ્યોર્જિયા રાજ્યના સવાનાહ શહેરમાં 'શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર'નું નિર્માણ થયું. આ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૧૭ થી ૨૧ એપ્રિલ, ૨૦૧૯ દરમિયાન ભવ્ય રીતે ઉજવાયો. જેમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિશ્વર પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. ભવ્યાતિભવ્ય ઉજવાયેલા મહોત્સવની દર્શનીય ઝલક 'ગુરુકુલ દર્શન'નાં માધ્યમ દ્વારા આપ સુધી પહોચાડતા આનંદ થાય છે.

મહોત્સવની પૂર્વતૈયારી

ચાર પરિવારથી પ્રારંભ થયેલા મંદિર સાથે આજે સેંકડો પરિવારો જોડાયા છે. સૌને ભવ્ય મહોત્સવ ઉજવવાનો ઉત્સાહ હતો. જેટલો મોટો ઉત્સવ, એટલી જ સામે તૈયારીઓ કરવાની હતી. પરંતુ સંતોના માર્ગદર્શન સાથે અમેરિકા જેવા વ્યસ્ત દેશમાં નિવાસ કરતા ભાઈઓ-બહેનો, યુવાનોએ સરકારી પરવાનગીઓ લેવી, આમંત્રણ પાઠવવા, વિવિધ રાજ્યો તથા વિદેશથી પધારેલા ભક્તજનોના ઉતારાની વ્યવસ્થા કરવી, સભામંડપની તૈયારી કરવી વગેરે વિભાગોની પૂર્વતૈયારીમાં રાત્રિ-દિવસ જોડાઈ ગયા.

મહોત્સવમાં સૌથી કપરું કામ ૨૫ કુંડી યજ્ઞશાળા અને ભોજનાલયનું હતું. યજ્ઞશાળાનું નિર્માણ સંપૂર્ણ વૈદિક વિધિ પ્રમાણે જ કરવાનું હોવાથી સંતો સાથે વિદેશમાં રહેનારા ભક્તજનો પણ ગાર-માટી ખૂંદવા લાગ્યા અને યજ્ઞશાળામાં લીપણ કરવા લાગ્યા. ભારે જહેમત બાદ યજ્ઞશાળાનું નિર્માણ પુરું થયું. અમેરિકામાં લગભગ આ રીતની યજ્ઞશાળા પહેલીવાર નિર્માણ પામી હતી. તેથી યજ્ઞશાળાના જે કોઈ દર્શન કરતાં એમનું અંતર આનંદથી ઉભરાઈ જતું હતું. એમાં પણ ગુરુકુલ પરિવાર યુ.કે. થી સેવા કરવા પધારેલા ભક્તજનોની સેવા અમૂલ્ય રહી.

સાથે સાથે ઉત્સવ દરમિયાન દર્શને પધારતા મોટી સંખ્યામાં ભક્તજનો માટે ભોજન-પ્રસાદની વ્યવસ્થામાં સવાનાહના બહેનોની સેવાનું વર્ણન થઈ શકે નહીં!

પોથીયાત્રા

તારીખ ૧૭ એપ્રિલ ૨૦૧૯, મહોત્સવના પ્રથમ દિવસે ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજી, સંતો તથા કથાના યજમાનશ્રીઓ દ્વારા પોથીજીનું પૂજન થયા બાદ તમામ ભક્તજનો પોથીયાત્રામાં જોડાયાં હતાં. વાજતેગાજતે પોથીજીને ઘોડાગાડીમાં બિરાજમાન કરી સહુ મહોત્સવ સ્થળે પધાર્યા.

મહોત્સવ ઉદ્‌ઘાટન

પોથીયાત્રા સભામંડપ પધારતા સદ્‌ગુરુ સંતો અને મહાનુભાવોના હસ્તે દ્વારપૂજન અને ઉદ્‌ઘાટન થયું. પોથીજીને વ્યાસાસને બિરાજમાન કર્યા, દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવનો પ્રારંભ કરાયો. જેમાં સંતોની સાથે યજમાનશ્રીઓ તથા ભક્તજનો જોડાયા હતા. આ પ્રસંગે પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ મંગલ આશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, 'આપ સહુ ભક્તજનોને હૃદયથી ધન્યવાદ છે. તમે રાત્રિ-દિવસ જોયા વિના મહોત્સવની સુંદર પૂર્વતૈયારી કરી છે. તમે ભગવાન શ્રીહરિ તથા સંતોની કૃપાના પાત્ર બન્યા છો.' આ મહોત્સવમાં વ્યાસાસને બિરાજી પૂજ્ય સ્વામીજીએ ભગવાન શ્રી રામ-શ્યામ-ઘનશ્યામનાં ચરિત્રોનું શ્રવણ કરાવ્યું હતું.

૨૫ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ

વૈદિક પરંપરાનુસાર યજ્ઞારંભ પૂર્વે દેહશુદ્ધિ કર્યા બાદ હોમ કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. માટે યજ્ઞની પૂર્વ સંધ્યાએ યજ્ઞમાં બેસનારા ભક્તજનોને દેહશુદ્ધિ કરાવી હતી.

તારીખ ૧૭થી ૧૯ એપ્રિલ ૨૦૧૯, ત્રણ દિવસ સુધી ભક્તજનોએ યજ્ઞનારાયણને આહુતિઓ અર્પણ કરી હતી. સંતો તથા પવિત્ર વિદ્વાન વિપ્રોના સાંનિધ્યમાં મહાવિષ્ણુયાગ સંપન્ન થયો, જે સર્વ કોઈ માટે યાદગાર બન્યો.

નગરયાત્રા તથા મંદિર દ્વાર ઉદ્‌ઘાટન

તારીખ ૧૮ એપ્રિલ ૨૦૧૯ના રોજ મંદિરમાં પ્રતિષ્ઠિત થવા જઈ રહેલી મૂર્તિઓની નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરનાં જ વિશાળ કેમ્પસમાં નિકળેલી નગરયાત્રામાં ઉત્સવમૂર્તિઓને મસ્તક ઉપર પધરાવી ભક્તજનો નાચ-ગાન કરતા મંદિરનાં દ્વાર પાસે પહોંચ્યાં ત્યારે સંતો દ્વારા મૂર્તિઓનું પૂજન થયું, દ્વાર પૂજન થયું અને મૂર્તિઓનો મંદિરમાં પ્રવેશ કરાવી ધાન્યાવાસ કરાવ્યો હતો.

તારીખ ૧૯ એપ્રિલ ૨૦૧૯, હનુમાન જયંતિના પવિત્ર દિવસે વહેલી સવારે પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ થયો. પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોના હસ્તે પવિત્ર વિદ્વાન વિપ્રો દ્વારા મૂર્તિની પ્રતિષ્ઠાવિધિ કરાવવામાં આવી. રમણીય બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પંચામૃત, ચંદન, કેસરજળ, તીર્થજળ, વિવિધ ઔષધિ દ્રવ્યો, પુષ્પની પાંખડીઓ, સહસ્ત્રજળધારા દ્વારા થતાં અભિષેકનાં દર્શન સૌ ભક્તજનો માટે અવિસ્મરણીય રહ્યાં.

મૂર્તિપ્રતિષ્ઠા

બાલમંચ-મહિલામંચ

પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી મંદિરમાં ખૂબ સારી બાલ-યુવા વિકાસ પ્રવૃત્તિઓ ચાલે છે. વિવિધ ઉત્સવ પ્રસંગે બાલ-બાલિકાઓ, યુવાનો, યુવતીઓ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરે છે. મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે બાલમંચમાં બાળકો તથા યુવાનોએ રંગારંગ કાર્યક્રમ, રૂપકો, નાટકો રજુ કર્યાં હતાં. બાલિકાઓ, યુવતીઓએ તેમજ વડીલ બહેનોએ પણ નૃત્ય, રાસ-ગરબા, નાટક રજૂ કર્યાં હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળી ઉપસ્થિત ભક્તજનોએ ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

SWAMINARAYAN SANATAN TEMPLE SAVANNAH

SGVP GURUKUL USA
SHREE SWAMINARAYAN SANATAN TEMPLE SAVANNAH

SGVP GURUKUL USA

SGVP GURUKUL USA
SHREE SWAMINARAYAN SANATAN TEMPLE SAVANNAH

SGVP GURUKUL USA

SGVP GURUKUL USA
SHREE SWAMINARAYAN SANATAN TEMPLE SAVANNAH

17 to 24
APRIL 2019

ભવ્ય રાજોપચાર પૂજન

મહોત્સવના અંતિમ દિવસે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા વિવિધ દેવોનું ભવ્ય રાજોપચાર પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ભગવાનને છડી, છત્ર, ચામર, વસ્ત્રાલંકારો અર્પણ થયાં. સંતો તથા વિદ્વાન પંડિતો દ્વારા વેદ, પુરાણ, ઉપનિષદોનું ગાન થયું, યજમાનો તથા મહોત્સવમાં પધારેલા ભક્તજનો દ્વારા ભગવાનના ચરણોમાં વિવિધ પ્રકારની સામગ્રી અર્પણ કરવામાં આવી. અમેરિકાની ધરતી ઉપર સૌપ્રથમવાર યોજાયેલા રાજોપચાર પૂજનનાં દર્શન કરી સૌ ભક્તજનો ધન્ય બન્યાં હતાં.

ગરુડસ્થંભ રોપણ

વૈદિક પરંપરા મુજબ મંદિરનાં દ્વાર સામે ગરુડસ્થંભ સ્વરૂપે ભગવાનના સેવક ગરૂડજી સતત સેવામાં હાજર હોય છે. એ પરંપરાનું વહન કરતાં મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે પૂજ્ય સ્વામીજી તથા સંતોના હસ્તે મંદિરના પ્રાંગણમાં ગરૂડસ્થભનું સ્થાપન કરવામાં આવ્યું હતું.

મહોત્સવ દરમિયાન લંડન તથા ઓસ્ટ્રેલિયાથી સેવા કરવા પધારેલા ભક્તજનોને આશીર્વાદ પાઠવતા સંતો તેમજ સ્થાનિક અધિકારીઓ

શ્રદ્ધા સુમન

અ.નિ. શ્રી ઘનશ્યામભાઈ બાલુભાઈ શેલડિયા :- ગામ રૂગનાથપુર નિવાસી નિષ્ઠાવાન શેલડિયા પરિવારના યુવાન સુપુત્ર ઘનશ્યામભાઈ શેલડિયા તારીખ ૨૯ માર્ચના રોજ ૪૨ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ શેલડિયા પરિવારે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા અન્ય સદ્‌ગુરુ સંતોનો ખૂબ જ રાજીપો મેળવ્યો છે. આ પરિવારની સેવા અવર્ણનીય રહી છે. પૂજ્ય જોગી સ્વામીના પણ આ પરિવાર ઉપર ખૂબ આશીર્વાદ રહ્યા છે. ઘનશ્યામભાઈ પણ શ્રીહરિ અને સંતોમાં ખૂબ હેત ધરાવતા હતા. ભગવાન શ્રીહરિ ઘનશ્યામભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા પિતા બાલુભાઈ, ભાઈ-ઉપેનદ્ર વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મેઘજીભાઈ વાલજીભાઈ ડોબરિયા :- ગામ આંબરડી નિવાસી પ.ભ. શ્રી મેઘજીભાઈ ડોબરિયા ૩૧ માર્ચના રોજ ૯૭ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. મેઘજીભાઈનો પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેત ધરાવતા મેઘજીભાઈના આત્માને ભગવાન પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો મધુભાઈ, શાંતિભાઈ, પ્રવિણભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પાંચાભાઈ કાનાભાઈ ઉઘાડ :- ગામ ખોરાણા નિવાસી અને સન્નિષ્ઠ સેવક પાંચાભાઈ ઉઘાડ ૯૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પાંચાભાઈ ખૂબ સારા સત્સંગી હતા. એમણે ખોરાણા ગામનાં મંદિર નિર્માણમાં ખૂબ સેવાઓ કરી સંતોનો રાજીપો મેળવ્યો હતો. ઉપરાંત એમનો પરિવાર પણ ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ પાંચાભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્ર ગોવિંદભાઈ, પૌત્રો પરેશ, ભાવેશ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નનુભાઈ ભગવાનભાઈ વોરા :- શ્રીહરિ તથા સંતોના કૃપાપાત્ર પરિવારના નનુભાઈ વોરા તારીખ ૧૪ એપ્રિલના રોજ ૭૬ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ જ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ નનુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્ર દિલીપભાઈ, પૌત્ર પ્રીત વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ગોવિંદભાઈ નથુભાઈ અંટાળા :- ગામ ગીગાસણ નિવાસી, ગુરુકુલ તથા સંતો સાથે આત્મીયતા ધરાવનારા પરિવારના શ્રી ગાવિંદભાઈ અંટાળા ૮ મે-ના રોજ ૯૦ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ગોવિંદભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૨/૦૬/૧૯, રવિવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૧૧/૦૬/૧૯, મંગળવાર : **શ્રીહરિ જયંતી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૧૨/૦૬/૧૯, બુધવાર : **શ્રીહરિ અંતર્ધાનલીલા સભા :** સવારે ૯:૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૧૩/૦૬/૧૯, ગુરુવાર : **ભીમ એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૯/૦૬/૧૯, શનિવાર : **યોગિની એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ

SGVP HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

SGVP હોલિસ્ટીક હોસ્પિટલ
ઓ.પી.ડી. સમયપત્રક

સ્પેશિયાલિટી	ડોક્ટરનું નામ	વાર, સમય
બેરિયાટ્રિક સર્જરી	ડો.સંજય પટોળિયા (MS)	એપોઇન્ટમેન્ટ પર
કાર્ડિયોલોજી	ડો. અનુપ ગુપ્તા (DNB, DM)	શનિ - ૧૦ થી ૧૨ સવારે
	ડો. ક્રિષ્નકિશોર ગોયલ (MD, DM)	સોમ,બુધ,શુક્ર - ૧૦ થી ૧૨ સવારે
	ડો. જોયલ શાહ (MD, DM)	મંગળ,ગુરુ,શનિ - ૧૦ થી ૧૨ સવારે
ડેન્ટિસ્ટ્રી	ડો. વિપુલ બારસિયા(BDS,MDS)	દરરોજ - ૦૯ થી ૧૨ સવારે
	ડો. સરિતા બારસિયા(BDS,MDS)	દરરોજ - ૦૩ થી ૦૫ સાંજે
ડર્મેટોલોજી	ડો. અનિરુદ્ધ વ્યાસ (MD, DVD)	ગુરુ - ૧૦ થી ૧૨ સવારે
	ડો. પાયલ સહેજવાની (MD)	બુધ - ૧૦ થી ૧૨ સવારે
	ડો. મેહા બેટાઇ (MD)	એપોઇન્ટમેન્ટ પર
ઇ.એન.ટી.	ડો. સૈશવ સખીદાસ (MS)	શુક્ર - ૧૦ થી ૧૧ સવારે
	ડો. ધવલ પટેલ (MS)	સોમ - ૦૯ થી ૧૧ સવારે
	ડો. મિતલ મહેતા (DLO)	દરરોજ (૪ થી ૫ - સાંજે) મંગળ, બુધ, ગુરુ, શનિ ૯ થી ૧૧ (સવારે)
ગેસ્ટ્રો સર્જરી	ડો. હિતેશ ચાવડા (MS, FICS, FRCS)	બુધ - ૦૮ થી ૦૯ સવારે
ગેસ્ટ્રો એન્ટ્રોલોજી	ડો. અજય ચોક્સી (MD, DM)	સોમ, ગુરુ - ૦૯ થી ૧૧ સવારે
જનરલ મેડીસીન	ડો. ચિરાગ જોષી (MD)	દરરોજ - ૦૮ થી ૦૨ સવારે
	ડો. જય સોની (MD)	દરરોજ - ૦૩ થી ૦૫ સાંજે
જનરલ સર્જરી	ડો. રાજેન્દ્ર લાખાણી (MS)	સોમ, ગુરુ - ૧૦ થી ૧૨ સવારે
	ડો. નેમી ગોરીવાલ (MS)	એપોઇન્ટમેન્ટ પર
	ડો. તપન શાહ (MS, FMAS , FICS)	બુધ,શુક્ર,શનિ-૦૬:૩૦ થી ૦૭:૩૦ સાંજે
ગાયનેકોલોજી-ઇન્ફર્ટિલિટી	ડો. હેતલ પટોળિયા (MD)	દરરોજ - ૧૨ થી ૦૨ બપોરે
ગાયનેક ઓન્કોલોજી	ડો. અંજના ચૌહાણ (MD, DGO)	એપોઇન્ટમેન્ટ પર
ઇન્ફેક્સિયસ ડિઝીસ	ડો. સુરભી મદન (MD, FID)	એપોઇન્ટમેન્ટ પર
નેફ્રોલોજી	ડો. મંથન કણસારા (MD, DNB) & TEAM	દરરોજ - ૧૨ થી ૦૨ બપોરે
ન્યૂરો સાયન્સ	ડો. કેયુર પટેલ (Interventional Neurologist) & Neuro 1 Team	એપોઇન્ટમેન્ટ પર
	ડો. સાગર બેટાઇ (MD, DM-Neurology)	મંગળ,ગુરુ - ૧૦ થી ૧૨ સવારે
	ડો. કૈરવ શાહ (MS, M.CH-Neuro Surgery)	એપોઇન્ટમેન્ટ પર
	ડો. જયુન શાહ (MS, M.CH-Neuro Surgery)	એપોઇન્ટમેન્ટ પર
ઓન્કો સર્જરી	ડો. ચૈતન્ય શ્રોફ (MS, M.CH, FACS)	એપોઇન્ટમેન્ટ પર
	ડો. દેવેન્દ્ર પરીખ (MS, M.CH)	એપોઇન્ટમેન્ટ પર
ઓન્કોલોજી	ડો. વિરાજ લવિંગીયા (DNB)	એપોઇન્ટમેન્ટ પર
ઓપ્થલ્મોલોજી	ડો. સુમિત ચેટરજી (MS)	દરરોજ - ૨:૩૦ થી ૫:૩૦ બપોરે
	ડો. નિલેષ કાંજાણી (MS)	એપોઇન્ટમેન્ટ પર
	ડો. નીરા કાંજાણી (DOMS, DNB, FERC)	એપોઇન્ટમેન્ટ પર
ઓર્થોપેડિક જોઇન્ટ રિપ્લેસમેન્ટ	ડો. કાર્તિક શુક્લા (MS) & TEAM	શુક્ર,શનિ - ૧૦ થી ૧૨ સવારે
	ડો. સૌરભ ગોયલ (MS) & TEAM	મંગળ, ગુરુ - ૧૧ થી ૦૧ સવારે
	ડો. દીપક દવે (MS) & TEAM	સોમ,બુધ - ૧૦:૩૦ થી ૧૨:૩૦ સવારે
પેઇન મેનેજમેન્ટ	ડો. હેમાક્ષી અંબાણી (MB, MD-Anaesthesia)	એપોઇન્ટમેન્ટ પર
પિડીયાટ્રીક	ડો. આશિષ જૈન (MD)	મંગળ, ગુરુ, શનિ - ૪ થી ૬ સાંજે
	ડો. કિરીટ ઠક્કર (D.PED.)	સોમ,બુધ,શુક્ર - ૯ થી ૧૧ સવારે
ફિઝીયોથેરાપી	ડો. સાગર કુંદલિયા (BPT)	એપોઇન્ટમેન્ટ પર
	ડો. કાજલ સિંગરખિયા (BPT)	દરરોજ - ૯:૩૦ થી ૨ સવારે
	ડો. ધર્મરાજ સોની (BPT)	દરરોજ - ૨ થી ૬ સાંજે
પ્લાસ્ટિક સર્જન	ડો. હર્ષવર્ધન સહીજવાની (MS, M.CH)	બુધ - ૧૦ થી ૧૨ સવારે
સાઇક્યાટ્રિક	ડો. કેયુર પંચાલ (DPM, MIPS)	એપોઇન્ટમેન્ટ પર
પલ્મોનોલોજી	ડો. વરુણ પટેલ (DNB)	એપોઇન્ટમેન્ટ પર
સ્પાઇન સર્જરી	ડો. પ્રવીણ સક્સેના (MS)	મંગળ, શુક્ર
	ડો. ઋત્વિજ ભટ્ટ (DNB)	એપોઇન્ટમેન્ટ પર
યુરોલોજી	ડો. કાર્તિક શાહ (MS, DNB)	એપોઇન્ટમેન્ટ પર
એન્ડો-વાસ્ક્યુલર સર્જરી	ડો. સૃજલ શાહ (M.CH)	બુધ - ૯ થી ૧૧ સવારે
ન્યૂરો & વાસ્ક્યુલર રેડીયોલોજી	ડો. મિલન જોલાપરા (MD, DM)	એપોઇન્ટમેન્ટ પર

SGVP કૅમ્પસ, SG રોડ, અમદાવાદ - 382481
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક : 95122 00124

૧૮, ગુરુકુલ દર્શન : મે - ૨૦૧૯

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હાસ્યરસ પીરસતા શ્રીજગદીશ ત્રિવેદી, સવાનાહ

અમેરિકા ગુરુકુલની સેવા સંભાળી રહેલા પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી તથા પૂજ્ય ભક્તિવેદાંતદાસજી સ્વામીને આશીર્વાદ પાઠવતા સદ્‌ગુરુ સંતો

ચંદનના વાઘાથી સુશોભિત શ્રીનિલકંઠવર્ણી, અમદાવાદ ગુરુકુલ

શ્રી સનાતન મંદિર કલ્ચરલ સેન્ટર ખાતે યોજાયેલ સત્સંગ સભામાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો, ટોરંટો-કેનેડા

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ, ટોરંટો ખાતે પૂજ્ય સ્વામીજીના વ્યાસાસને યોજાઈ ત્રિદિવસીય વચનામૃત પારાયણ, કેનેડા

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

સંતોના સાંનિધ્યમાં આયોજિત બાલ-બાલિકા સત્સંગ શિબિર-૨૦૧૯

પ્રેમાનંદ મ્યુઝીક એકેડેમી દ્વારા આયોજિત સમર કેમ્પમાં ભાગ લઈ રહેલા બાળકો

સૌરાષ્ટ્ર GPL-1 ક્રિકેટ ટૂનામિન્ટની પૂર્ણાહુતિ તથા સ્પોર્ટસ્ સ્કુલના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામી, નિરંજનભાઈ શાહ (એક્સ. BCCI સેક્રેટરી) તથા મહાનુભાવો, રાજકોટ-રીબડા

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat